# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08/01/2026** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **રાજ્ય સરકાર હસ્તકના માર્ગોના 41 કામો માટે સેન્ટ્રલ રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાંથી એક હજાર 78 કરોડ રૂપિયા મંજૂર.**
2. **સોમનાથ સ્વાભિમાન પર્વ ’ નિમિત્તે પ્રધાનમંત્રી મંત્રી રોડ-શો અને જનસભાને સંબોધશે.**
3. **જમીન કૌભાંડ મામલે સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલના રિમાન્ડ પૂર્ણ થતાં જેલમાં મોકલી આપવામાં આવ્યા**
4. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના ૪ 1માં જન્મદિવસે સુરતની એક હોસ્પિટલમાં ઓપીડી તપાસ તથા ડિલિવરી નિ:શુલ્ક થશે.**
5. **કોમનવેલ્થના યજમાન એવા અમદાવાદ ખાતે ઈન્ડિયન ઓલમ્પિક એસોસિએશનની બેઠક મળશે.**
6. **ભારતે, ત્રીજી અંડર-19 એક દિવસીય મેચમાં દક્ષિણ આફ્રિકાને હરાવી 3-0થી શ્રેણી જીતી.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# ROAD WORK SANCTION

રાજ્ય સરકાર હસ્તકના માર્ગોના **41** કામો માટે સેન્ટ્રલ રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાંથી એક હજાર **78** કરોડ રૂપિયા મંજૂર થયા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય માર્ગ પરિવહન-ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ગાંધીનગરમાં યોજેલી નવેમ્બર-**25**ની બેઠકની ફળશ્રુતિ સ્વરૂપે કુલ **564.57** કિલોમીટર લંબાઇમાં માર્ગો પહોળા કરીને તેને ટકાઉ બનાવવા અને તેના માળખાને લગતાં વિવધ કામો હાથ ધરાશે.

કનેક્ટિવિટી અને ઈઝ ઓફ ટ્રાન્સપોર્ટેશનને વધુ વેગ મળશે. આ કાર્યની મંજૂરીને કારણે પી.એમ. ગતિશક્તિ અન્વયે લોજિસ્ટિક્સ પરિવહનમાં સરળતા થશે.

---

# SOMNATH PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતીમાં ‘સોમનાથ સ્વાભિમાન પર્વ’ ની ઉજવણી કરાશે. સોમનાથના આંગણે ભક્તિ, શૌર્ય અને સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ રચાશે તેમ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું.

સોમનાથ પર ગઝનવીના આક્રમણના એક હજાર વર્ષ અને મંદિર જીર્ણોદ્ધારના 75 વર્ષ નિમીત્તે 10મી જાન્યુઆરીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમનાથમાં રોડ-શો અને જનસભાને સંબોધશે તેમ જીતુ વાઘાણીએ જણાવ્યું હતું. 72 કલાકનો અખંડ ઓમકાર નાદ, ત્રણ હજાર ડ્રોનનો મેગા શો અને 108 અશ્વોની શૌર્ય યાત્રા આકર્ષણનું કેન્દ્ર બનશે.

## બાઇટ- જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી

---

## G_RAMJI_G MANISHA VAKIL

મંત્રી મનીષા વકીલે છોટાઉદેપુરમાં પત્રકારોને સંબોધિત કરતાં જણાવ્યું કે, 'જી રામ જી યોજના' એટલે કે, વિકસિત ભારત – ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ)એ જૂની મનરેગા યોજનાનું અપગ્રેડેડ વર્ઝન છે. આ યોજના દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં રોજગારના દિવસો **100**થી વધારીને **125** કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત ટકાઉ ગ્રામીણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જેથી ગ્રામીણ અર્થતંત્રને વધુ મજબૂતી મળે.

**(બાઈટ : મનિષાબેન વકીલ, જિલ્લાના પ્રભારી મંત્રી)**

---

## SURENDR NAGAR FORMER COLLECTOR IN JC

જમીન કૌભાંડ મામલે ઇડીએ પકડેલા સુરેન્દ્રનગરના જિલ્લા પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલને રિમાન્ડ પૂર્ણ થતાં જેલમાં મોકલી આપવામાં આવ્યા છે. જમીન કૌભાંડ મામલે રાજેન્દ્ર પટેલની ધરપકડ કરાઇ હતી. હવે નાયબ મામલતદાર મોરી અને રાજેન્દ્ર પટેલની કસ્ટડી લેવા માટે એસીબી કોર્ટમાં ટ્રાન્સફર વોરંટ રજૂ કરે તેવી શક્યતા છે.

---

# HARSH SANGHVI -JANMDIVAS UJAVNI

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના 41માં જન્મદિવસની સેવા પર્વ તરીકે ઉજવણી કરાશે. જન્મદિવસ નિમિત્તે શ્રી સંઘવી ગાંધીનગર તથા સુરતના વિવિધ સેવાકીય કાર્યોમાં સહભાગી થશે.

સુરતની એક હોસ્પિટલ ખાતે આજે તમામ વિભાગની ઓપીડી તપાસ તથા ડિલિવરી નિ:શુલ્ક કરવામાં આવશે. જો કોઈ દંપતીને ત્યાં બીજી દીકરીનો જન્મ થશે, તો તેમને રૂપિયા 1 લાખના બોન્ડ આપીને દીકરીના જન્મને વધાવવામાં આવશે.

---

# RAJKOT VIBRANT

રાજકોટમાં આગામી 11 અને 12 જાન્યુઆરીના રોજ 'વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર-કચ્છ ' યોજાવા જઈ રહી છે , આ આંતરરાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

શહેરના મુખ્ય માર્ગો પર સમારકામ અને મજબૂતીકરણ વેગવંતુ બન્યું છે. આ સાથે શહેરની શોભામાં અભિવૃદ્ધિ કરવા માટે ઠેર-ઠેર રંગરોગાન અને દિવાલો પર કલાત્મક ચિત્રો કંડારવામાં આવી રહ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા એક મહિનાથી જે-તે રોડ પર આવશ્યકતા મુજબ પેવર બ્લોક રિપેરિંગ, ડામર પેચ, ડામર રિ-કાર્પેટ સહિતના

**કામો કરવામાં આવી રહ્યાં છે. ઉપરાંત , શહેરના મુખ્ય માર્ગો અને જાહેર સ્થળોની દિવાલો રાજ્ય સરકારના અભિયાનોના ચિત્રો અને સૂત્રોથી સજાવવામાં આવી છે.**

---

## JAMNAGAR TECH FEST

જામનગરના ઔદ્યોગિક આંગણે 'ટેક ફેસ્ટ-2026'નો આરંભ થયો છે.

'બ્રાસ સિટી' તરીકે વિશ્વભરમાં આગવી ઓળખ ધરાવતા જામનગરમાં **G.I.D.C.** પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસીએશન દ્વારા આયોજિત 'ટેક ફેસ્ટ ઈન્ડસ્ટ્રીઝ ફેર-**2026**'ને કારણે જામનગરના ઉદ્યોગકારોને લાભ થશે. તેમ ઉદ્યોગકાર વિષ્ણુભાઇ પટેલે જણાવ્યું હતું.

## બાઇટ- વિષ્ણુભાઇ પટેલ, ઉદ્યોગકાર જામનગર

---

## GENERAL MANAGAR RAILWAY VISIT

જનરલ મેનેજર પશ્ચિમ અને મધ્ય રેલવેએ સાબરમતી-મહેસાણા-પાલનપુર સેક્શનનું વિગતવાર નિરીક્ષણ કર્યું.

નિરીક્ષણ દરમિયાન સાબરમતીથી પાલનપુર વચ્ચે રેલવે ટ્રેક, લેવલ ક્રોસિંગ, નાના અને મુખ્ય પુલો , પોઈન્ટ્સ અને ક્રોસિંગ , સેક્શન કર્વ્સ તથા વિવિધ સંરક્ષા પરિમાણોની સમીક્ષા કરવામાં આવી. આ અવસર પર સંબંધિત અધિકારીઓની સાથે સંરક્ષાથી જોડાયેલા વિવિધ પાસાઓ પર વિસ્તારપૂર્વક ચર્ચા પણ કરવામાં આવી.

કલોલ, મહેસાણા અને પાલનપુર સ્ટશનો પર ઉપલબ્ધ યાત્રી સુવિધાઓની વિગતવાર સમીક્ષા કરવામાં આવી. સાથે જ માસ્ટર કેબિન , બુકિંગ કાઉન્ટર , ફુટ ઓવર બ્રિજ , પ્લેટફોર્મ વેઈટીંગ રૂમ સહિત વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામોનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું.

---

## PATAN RAILWAY -BALVANTSINH RAJPUT

પાટણ જિલ્લાના સિદ્ધપુર રેલવે સ્ટેશનના નિરીક્ષણ મુલાકાતે આવેલા પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર વિવેક કુમાર ગુપ્તા સમક્ષ ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂત દ્વારા સિદ્ધપુર રેલવે સ્ટેશનના આધુનિકીકરણ અને મુસાફરોની સુવિધાઓ વધારવા રજૂઆત કરવામાં આવી.

સિદ્ધપુર સ્ટેશનના પ્લેટફોર્મની ઊંચાઈ તેમજ લંબાઈ વધારવી વધારવા ઉપરાંત પ્લેટફોર્મ પર પૂરતા પ્રમાણમાં ડોમ/શેડની વ્યવસ્થા માટે રજૂઆત કરી હતી

આ ઉપરાંત સિદ્ધપુર ખાતે આવેલા રેલવે અંડરબ્રિજમાં ચોમાસા દરમિયાન પાણી ભરાઈ જવાની સમસ્યા માટે હાઈ-કેપેસિટી પમ્પિંગ મશીન અથવા કાયમી ડ્રેનેજ સિસ્ટમની મંજૂરી માટે પણ રજૂઆત કરી. તે ઉપરાંત ધારાસભ્યએ મહત્વની ટ્રેનોના સ્ટોપેજની માગણી કરી હતી.

---

# BK STEMP QUIZ 4.0 EXAM

બનાસકાંઠાના ડીસા ખાતે આવેલી સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં ગઇકાલે 'નેશનલ **STEM** ક્વિઝ **4.0'** યોજાઇ હતી. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત પ્રત્યે રુચિ વધે તેવા હેતુ સાથે આ ક્વિઝ યોજવામાં આવી હોવાનું શિક્ષક સુમિત ચોકસીએ જણાવ્યું હતું.

**(બાઈટ - સુમિત ચોક્સી શિક્ષક)**

---

# CHOTAUDEPUR PAPDI KALA

છોટાઉદેપુરના ગ્રામ્ય વિસ્તારની સાસુ-વહુએ રસોઈ કલાથી ઘરની પરંપરાને બનાવી વૈશ્વિક બનાવી છે. ચુલાની પાપડીનો સ્વાદ સાત સમંદર પાર અમેરિકા, કેનેડો સુધી પહોંચ્યો છે.

કોરોનાકાળમાં નવરાશના સમયે ખીલેલી ઉદ્યમશીલતા આત્મનિર્ભરતામાં પરિણમી છે. તોતરમાતા ગામના મનિષાબેન અને તેમના સાસુએ છોટાઉદેપુરની અવનવી વાનગીઓની સોડમ સાત સમંદર પાર પહોંચાડી છે.

**બાઈટ -મનીષા પટેલ, આત્મનિર્ભર મહિલા, છોટાઉદેપુર**

---

# UNDER 19 CRICKET

ભારતે, ત્રીજી અંડર-19 એક દિવસીય મેચમાં દક્ષિણ આફ્રિકાને 233 રનથી હરાવી 3-0થી શ્રેણી જીતી લીધી છે.

બેનોનીના વિલોમૂર પાર્ક ખાતે રમાયેલી ત્રણ મેચની શ્રેણીની ત્રીજી અને અંતિમ વનડેમાં ભારતે દક્ષિણ આફ્રિકાને જીત માટે 394 રનના લક્ષ્યાંક આપ્યો હતો. લક્ષ્યાંકનો પીછો કરતા, દક્ષિણ આફ્રિકા 35 ઓવરમાં 160 રનમાં ઓલઆઉટ થયું હતું.

અગાઉ દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો. ભારતે પ્રથમ બેટિંગ કરતાં નિર્ધારિત 20 ઓવરમાં 7 વિકેટે 293 રન બનાવ્યા. ભારતીય કેપ્ટન વૈભવ સૂર્યવંશીએ 94 બોલમાં શાનદાર 127 રન બનાવ્યા હતા.

---

# IOC -AHMEDABAD

અમદાવાદમાં ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન-- IOCની બેઠક મળશે. કોમનવેલ્થના યજમાન અમદાવાદમાં સામાન્ય વાર્ષિક સભા અને એથલેટિક્સ ફોરમ સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

આજથી 10 જાન્યુઆરી દરમ્યાન વિવિધ રમત ગમત માળખાની પ્રતિનિધિ મંડળ મુલાકાત લેશે.

---

# WEATHER

રાજ્યમાં આગામી ત્રણ દિવસ તાપમાન યથાવત્ રહેવાની સંભાવના છે. હવામાન વિભાગના નિદેશક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું કે , ત્રણ દિવસ બાદ રાજ્યમાં પવનની દિશા બદલાતા ઠંડી વધી શકે છે. દરમિયાન નલિયા અને અમરેલીમાં હાલ લઘુત્તમ તાપમાન નવ ડિગ્રી સૅલ્સિયસ નોંધાયું હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

---

# PALITANA CAMP

કેન્દ્રીય મંત્રી બી.એલ.વર્મા તથા નિમુબેન બાંભણીયાની ઉપસ્થિતિમાં પાલીતાણા ખાતે 'દિવ્યાંગજનો માટે સાધન સહાય વિતરણ કેમ્પ'યોજાયો યોજાયો હતો. જેમાં ભાવનગર જિલ્લાના 366 દિવ્યાંગ લાભાર્થીઓને કુલ 59 લાખ 12 હજારની કિંમતના 737 સહાયક સાધનોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

સરકારે દિવ્યાગજને માટે મોટરાઇઝ્ડ ટ્રાઇસાયકલ, વ્હીલચેર, ચાલવાની ઘોડી જેવાં વિવિધ 19 પ્રકારનાં 737 જેટલા સાધનો આપવામાં આવ્યાં છે. આ સાધન સહાયથી દિવ્યાંગ જનો પોતાના કામો સરળતાથી કરી શકશે એટલું જ નહીં સ્વમાનભેર પણ જીવી શકશે.

---